[૧૭]

આદરણીય શ્રી મોતીચંદભાઈ વિષેનાં મારાં સ્મરણો એવાં નથી કે જે વાચકને તેમના જીવન વિષેનું મારું કોઈ વિશિષ્ટ દૃષ્ટિબિંદુ જણાવી શકે. તેમ છતાં શ્રી જીવરાજભાઈના આદેશને અનુસરી મારાં જે આછાં કે પાંખાં સ્મરણો છે તે સંક્ષેપમાં રજૂ કરવા યોગ્ય ધારું છું.

ઇસ્વીસન ૧૯૦૪માં કાશી જૈન પાઠશાળા માટે અંગ્રેજી કોઠીનું મકાન ખરીદવાનું હતું, તે અંગે કાંઈક દસ્તાવેજી કામ માટે શેઠ શ્રી વીરચંદ દીપચંદે મોતીભાઈને બનારસ મોકલ્યા; આ વખતે જ સર્વપ્રથમ તેમનું નામ મારી જાણમાં આવ્યું. શ્રીયુત્ કુંવરજીભાઈનું નામ તો જાણતો જ; તેમના આ ભત્રીજા છે ને વકીલાતનો અભ્યાસ કરે છે એટલી જાણથી તેમના પ્રત્યે મન કાંઈક ઢળ્યું, પણ અમે મળ્યા ન હતા. પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયા પહેલાં જ પ્રો. યાકોબી ભારતની સાહિત્ય-યાત્રા સમાપ્ત કરી મુંબઈનો કિનારો છોડવાના હતા. તેમના વિદાયમાન વખતે શ્રી મોતીચંદભાઈનું અંગ્રેજીમાં ભાષણ સાંભળ્યું–જો કે હું તે વખતે અંગ્રેજી સમજતો નહીં. આ તેમનો પ્રથમ સ્વર–પરિચય. ડૉ. બાલાભાઈ નાણાવટીના પ્રમુખપદે મળેલ મુંબઈ કૉન્ફરન્સ પછી તરત જ હું ભાવનગર ગયો હતો. શ્રીયુત્ કુંવરજીભાઈ સાથે કર્મશાસ્ત્રીય તત્ત્વોની ચર્ચા–વાર્તા કરવાનો ઉદ્દેશ હતો. દાદા સાહેબની બોર્ડિંગમાં કેટલાક મિત્રોએ શ્રી મોતીભાઈને ચા–પાણી માટે આમંત્રેલા. તે વખતે તેમનું ગુજરાતી ભાષણ પ્રથમ જ સાંભળ્યું. રાત્રે શ્રી જૈનધર્મ પ્રસારક સભામાં નિયમિત રીતે હું શ્રી કુંવરજીભાઈ સાથે બેસતો ને મોડે સુધી જુદી જુદી શાસ્ત્રીય ચર્ચાઓ ચાલતી. એક દિવસે 'વિશેષાવશ્યકભાષ્ય'ની અમુક ચર્ચા પ્રસંગે શ્રી મોતીભાઈને ઉદ્દેશી શ્રી કુંવરજીભાઈએ કહ્યું કે–સાંભળો, આ દાર્શનિક ચર્ચા. તેઓ જો કે બીજા વાચનમાં મગ્ન હતા એમ મને લાગ્યું, છતાં પોતાના કાકા પ્રત્યેના બહુમાનથી કે તત્ત્વચર્ચાના રસથી તેઓ સીધી રીતે મારી સાથે થોડીક વાતચીતમાં ઊતર્યા, પણ મને હજી એમ જ લાગતું કે–અમે બન્ને એક બીજાથી બહુ દૂર છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાલબાગના ઉપાશ્રયમાં શ્રી વિજયવલ્લભસૂરિની સમક્ષ શ્રી મોતીભાઈ એક સુપ્રસિદ્ધ આચાર્યને ઉદ્દેશી કાંઈક કહેતા હતા, તેમાં મેં એક વાક્ય એ સાંભળ્યું કે 'તેઓની શૈલી ઉચ્છેદક છે.' જો કે તે આચાર્યશ્રી તેમના માનીતા હતા, કદાચ કુલગુરુ પણ કહેવાય; જ્યાં ઉપરના તોળેલ શબ્દ ઉપરથી મને એટલો વિચાર થયો કે, મોતીભાઈનું વલણ વિધાયક લાગે છે. મારા ઉપર પડેલી આ પ્રાથમિક છાપ ત્યારબાદના પાંત્રીસ વર્ષ જેટલા ગાળાના ઉત્તરોત્તર વધતા જતા પરિચયથી મને સાચી લાગી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થયા પછી તેમની સાથેનો સીધો નહીં તો પારસ્પરિક પરિચય પણ વધતો ચાલ્યો. અલબત્ત, તે પહેલાં તેમનાં કેટલાંક લખાણો મેં સાંભળેલાં, જેમાં શ્રી આનન્દઘનનાં પદોના વિવેચનનું પ્રાસ્તાવિક, જૈન દૃષ્ટિએ યોગ, સિદ્ધર્ષિની પ્રસ્તાવના એ મુખ્ય ગણાય. વિદ્યાલયમાં તત્ત્વજ્ઞાન અને ધર્મના અધ્યાપક તરીકે પં. વ્રજલાલજી નિયુક્ત થયા હતા, જે મારા ચિરસાથી અને અંગત મિત્ર પણ હતા. વિદ્યાલયના કાર્યકર્તાઓ, વિદ્યાર્થીઓ અને બીજા કેટલાક ઉપર પણ વ્રજલાલજીના અધ્યાપનનો બહુ જ સારો પ્રભાવ પડેલો ને વિદ્યાલયનું તત્ત્વજ્ઞાન-ધર્મનું શિક્ષણ રસપ્રદ પણ બનેલું.

વખત જતાં એ રસ અને શ્રદ્ધામાં ઓટ આવી. શ્રી. મોહનલાલ દેસાઈ જ નહીં પણ મોતીભાઈ સુદ્ધાં મને મળે ત્યારે એક જ વાત કહે કે-હવે વ્રજલાલજી ઠીક કામ કરતા નથી; તમે બીજો કોઈ અધ્યાપક બતાવો. મારે માટે આ સ્થિતિ ધર્મસંકટ જેવી હતી. એક બાજુ ચિરકાલીન અંગત મિત્રની પ્રતિષ્ઠા અને સ્થિતિનો પ્રશ્ન, અને બીજી બાજુ વિદ્યાલયના સાર્વજનિક શૈક્ષણિક હિતાહિતનો પ્રશ્ન. મારી મૂંઝવણ દૂર થઈ નહીં, અને અવારનવાર મોતીભાઈ આદિની માગણી પણ મટી નહીં. આમ લગભગ ૬-૭ વર્ષ વીત્યાં હશે. દરમ્યાન કેટલાંક પ્રબળ કારણસર મેં મારું વલણ વિદ્યાલયને પક્ષે જ વાળ્યું, અને સ્પષ્ટ નિર્ણય કરી મિત્ર વ્રજલાલજીને કહી દીધું કે-હવે આ ગાડું આ રીતે લાંબો વખત નહીં ચાલે. તમે કાં તો સૌને પ્રથમની જેમ સંતોષ આપો, નહીં તો છૂટા થાઓ. અન્યથા હું બીજો અધ્યાપક સૂચવીશ. ઘણું કરી ૧૯૩૧ કે ત્યારબાદ થોડા સમયમાં જ પં. દરબારીલાલને લઈ હું મોતીભાઈની ઓફિસમાં ગયો. જરાપણ નનુનચ કર્યા સિવાય મોતીભાઈએ દરબારીલાલજી માટેની મારી માગણી કે શરતો મંજૂર કરીને કહ્યું કે-તમે પગાર છૂટથી માગી શકો. આ સાંભળી મારું મન વિશેષ આકર્ષાયું. અમે તો કહી દીધું કે, આથી વધારે પૈસાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યારે જરૂર નથી. ખરી રીતે મોતીભાઈ પ્રત્યેના ઊંડા આદરનું આ પ્રથમ પગથિયું કહેવાય. પછી તો પં. દરબારીલાલજીના કામથી વિદ્યાલય, વિદ્યાર્થીગણ અને કાર્યકર્તાઓ એ બધા એટલા બધા પ્રસન્ન થયા કે તેથી મારો વિદ્યાલય સાથેનો સંબંધ અજ્ઞાત રીતે જ ગાઢ બની ગયો—ખાસ કરીને ધાર્મિક શિક્ષણના પ્રશ્ન પરત્વે.

મને યાદ છે કે, શ્રી મોતીભાઈ, શ્રી મોહનલાલ દેસાઈ અને શ્રી મોહનલાલ બી. ઝવેરી—એ બધા વિદ્યાલયમાં ચાલતા ધર્મવર્ગ પરત્વે જ્યારે પણ પ્રસંગ આવે ત્યારે મારી સાથે છૂટથી ચર્ચા કરતા અને મારી વાતો ધ્યાનથી સાંભળતા. એક અથવા બીજા કારણે ધાર્મિક અધ્યાપકને બદલવાનો કે રાખવાનો પ્રશ્ન આવે ત્યારે હું જ્યાં હોઉં ત્યાં તેઓ છેવટે પત્ર લખીને પણ પૂછે અને મારા વિચાર જાણવા માગે. મારી દૃષ્ટિ પણ વિદ્યાલયના આ અંગને વધારે પુષ્ટ કરવાની પ્રથમથી જ હતી. એટલે હું પણ એમાં રસ લેતો. દરબારીલાલજી પછી લગભગ એક પછી એક છ–સાત ધાર્મિક અધ્યાપકો બદલાયા અને નિમાયા. લગભગ એ બધાની નીમણૂક વખતે મારા અભિપ્રાયનું મૂલ્ય તેઓ વિશેષ આંકતા એવી છાપ મારા ઉપર હજી પણ છે, તેથી કરીને હું પણ એ વિષેની મારી જવાબદારી અંગે કદી બેપરવા રહ્યો નથી એમ મારો અંતરાત્મા કહે છે. આ મિલનતંતુ દ્વારા ધીરે ધીરે મોતીભાઈ સાથે હું વિશેષ પરિચયમાં આવતો ગયો—જો કે વધારે વખત સાથે બેસવાનો કે એવો બીજો કોઈ પ્રસંગ આવ્યો જ ન હતો.

મારી પ્રથમથી જ માન્યતા હતી, અને આજે પણ છે કે, મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થાએ માત્ર ધર્મતત્ત્વજ્ઞાનના શિક્ષણથી પોતાની ઈતિ-કર્તવ્યતા પૂરી થયેલી માનવી ન જોઈએ. હું એ બધા મિત્રોને ભારપૂર્વક કહેતો જ આવતો રહ્યો છું કે, વિદ્યાલયનું કાર્ય ત્રિવિધ હોય, કૉલેજના વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવાનું વાતાવરણ ઊભું કરવું અને તેને રસપ્રદ બનાવવું એ માટે તે ત્રિવિધ કાર્યક્રમ આવશ્યક છે. પહેલું તો એ કે ઓછા-માં ઓછું એક સમર્થ પ્રોફેસર અને એક સમર્થ પંડિત એ બેને વિદ્યાલય પૈસાની ખાસ ગણતરી કર્યા વિના રોકે, જેથી મુંબઈ શહેરની કોઈ પણ કૉલેજના વિદ્યાર્થીને અગર ત્યાંના નિવાસી કોઈ પણ પ્રોફેસરને જૈન પરંપરા વિષે કાંઈ પણ જાણવું હોય તો વિદ્યાલય એક જ્ઞાનપ્રજ્ઞારૂપ બને અને વિદ્યા-જગતમાં એવી માન્યતા બંધાય કે, જૈન પરંપરાને લગતા પ્રમાણિક અને વ્યાપક અભ્યાસ માટે મહાવીર જૈન વિદ્યાલય એ મુખ્ય ધામ છે. બીજું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામ સાહિત્ય-સંપાદનનું. જે પ્રોફેસર અને પંડિત નિયુક્ત થાય તે અનુકૂળતા પ્રમાણે જૈન સાહિત્યનું આધુનિક દૃષ્ટિએ સંપાદન કરે અને તે તે વિષય પરત્વે અંગ્રેજી, ગુજરાતી અને હિન્દીમાં યથાસંભવ પ્રસ્તાવના આદિ પણ લખે. એ દૃષ્ટિએ કે કોઈ પણ યુનિવર્સિટી કે કોઈ પણ કૉલેજના પાઠ્યક્રમમાં તે સંપાદનો ઉપયોગી થઈ શકે. જેવી રીતે જર્મન અને અન્ય પાશ્ચાત્ય વિદ્વાનોએ કરેલા ભારતીય સંપાદનો પ્રતિષ્ઠા પામ્યાં છે તેથી પણ વધારે સારી રીતે આ દિશામાં વિદ્યાલય કામ કરવાની ગોઠવણ કરે. ત્રીજું કામ મારી દૃષ્ટિએ એ છે કે, વિશિષ્ટ વિશિષ્ટ ગ્રંથોના પ્રમાણભૂત અને સંશોધનાત્મક ભાષાંતરો કરાવી વિદ્યાલય પ્રસિદ્ધ કરે.

હું શ્રી મોતીભાઈને ઘણીવાર આવેશમાં એમ પણ કહેતો કે-તમે તો કાંઈ કરતા નથી; માત્ર ધાર્મિક લોકોનાં મન રીઝવવા ને પૈસા મેળવવા ધર્મવર્ગ ચલાવો છો એટલું જ. છતાં તેઓ કદી મારા પ્રત્યે તપ્યા નહિ; મીઠાશથી ઘટતો જવાબ વાળતા, અને હસતાં હસતાં ક્યારેક એમ પણ કહેતા કે-તમે વિદ્યાલયમાં આવો તો બધું અમે કરીશું, ઈત્યાદિ.

૧૯૪૩ના અંતમાં મેં તેમને લખેલું યાદ છે કે હવે હું કાશી છોડવાનો છું; મુંબઈ તો આવવાનો છું જ. કૉન્ફરન્સ કે વિદ્યાલય જેવી સંસ્થાઓ મારા વિષય પરત્વે મારો ઉપયોગ કરી શકે, ઈત્યાદિ. પણ આવી મતલબનું લખ્યું તે પહેલાં એક પ્રસંગ અતિ મધુર બની ગયો ને આજે પણ તેની ખુમારી તાજી છે. હું કાશીથી મુંબઈ આવેલો. મારી સાથે શ્રી નથમલજી ટાંટિયા એમ. એ.-કે જે હમણાં જૈન તત્ત્વજ્ઞાન લઈ ડી. લીટ. થયા છે તે-હતા. અમે બન્ને વર્લી ઉપર આવેલ ભારતીય વિદ્યાભવનના મકાનમાં ઊતરવાના હતા. મેં પ્રથમથી જ આની સૂચના શ્રી. મોતીભાઈને આપેલી. અમે વર્લીમાં રાત્રે લગભગ દસેક વાગે સૂવાની તૈયારીમાં હતા ત્યાં તો શ્રી મોતીભાઈ આવી ચડ્યા. આટલે બધે દૂર, આટલું મોડે, અત્યારે કેમ? સવારે મળત,-એમ પૂછ્યું; ત્યારે તેમણે કહ્યું કે-હું અત્યારે જ તમને લેવા આવ્યો છું. નીકળેલો તો બે કલાક પહેલાં, પણ વચ્ચે ક્યાંય ગાડી કે વાહનનો યોગ મળ્યો નહીં એટલે રખડપટ્ટીમાં મોડું થયું. અમે ઘણું કરી સવારે જવાની વાત કહીને તેમને વિદાય તો કર્યા. પણ મારા મન ઉપર ચિરસ્મરણીય છાપ એ રહી ગઈ કે શ્રી મોતીભાઈને જૈન સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને ધર્મ વિષેની જે લગની છે તે ઉપર ઉપરની નથી. તેમના પ્રત્યે મારું વલણ વધારે આદરશીલ બન્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમે જ્યારે તેમને ઘેર ગયા ત્યારે તેમણે જે સત્કાર કર્યો એ પણ સૌરાષ્ટ્રને અનુરૂપ જ હતો. તેમના ઘેર અને તેમની સાથે રહેવાનો મારે માટે એ પહેલો જ પ્રસંગ. શ્રી. નથમલજીના વાચન અને દૃષ્ટિકોણથી તો તેઓ એટલા બધા મુગ્ધ થયા કે તેમને ગમે તે રીતે વિદ્યાલયમાં લાવવા તેઓ અભિમુખ બન્યા. અને જ્યારે નથમલજીએ આવવાની અશક્તિ દર્શાવી ત્યારે જ ન્યાયાચાર્ય પં. મહેન્દ્રકુમારને તેમણે નીમ્યા.

હું પણ નિવૃત્ત થઈ પ્રથમ મુંબઈ ભારતીય વિદ્યાભવનમાં આચાર્યશ્રી જિનવિજયજી સાથે રહેતો હતો. શ્રી મોતીભાઈએ ભારપૂર્વક મને કહ્યું કે વિદ્યાલય પ્રતિમાસ બારસો જેટલા રૂપિયા તો ખર્ચી જ શકશે. એટલે તમે તમારી ધારણા મુજબની એક યોજના તૈયાર કરો, જેને હું કમિટી સમક્ષ મૂકું. મેં એવી યોજના તૈયાર કરી ને તેમણે મારી હાજરીમાં જ કમિટી સમક્ષ મંજૂર કરાવી. ઘણું ખરું આ બધા પ્રસંગોએ હું શ્રીયુત પરમાનંદભાઈને મળતો, તેમની સલાહ લેતો. મારી પહેલેથી જ એ દૃઢ પ્રતીતિ ચાલી આવે છે કે–શ્રી પરમાનંદભાઈનું દૃષ્ટિબિંદુ જેટલું ચોખ્ખું અને વિશાળ છે તેટલું મુંબઈમાંના બીજા જૈનોનું ભાગ્યે જ હશે.

એ યોજના મંજૂર થઈ ત્યારે પણ શ્રી મોતીભાઈએ તો મને એ જ કહ્યું કે–હવે તમે વિદ્યાભવનમાં નહીં પણ વિદ્યાલયમાં રહો. મારો જવાબ હમેશનો એ જ રહ્યો છે કે–હું દૂર રહ્યાં જે કરીશ તે ઠીક હશે. મને આવવા જેવું લાગશે ત્યારે વગરકહ્યે પણ હું વિદ્યાલયમાં બેસીશ. અસ્તુ. એ યોજના મંજૂર તો થઈ, પણ એક અથવા બાજે કારણે એને અમલમાં લાવવાનું કામ રહી જ ગયું છે. હું નથી જાણતો કે અત્યારે વિદ્યાલયમાં રસ ધરાવનાર અને શ્રી મોતીભાઈના દૃષ્ટિબિંદુને બરાબર સમજનાર તેમ જ તેને સ્થિર કરવા ઇચ્છનાર કોઈ હવે એ યોજના અથવા એવી બીજી કોઈ યોજનાને સક્રિય કરવા વિચારતો હશે કે નહીં. પણ એટલું તો ઇચ્છું અને કહી શકું છું કે–શ્રી મોતીભાઈની વિદ્યાલય પ્રત્યેની નિષ્ઠા, અને ધર્મ–સાહિત્યની પ્રીતિને કાયમ કરવા તેમ જ જૈન સમાજનું ધાર્મિક દૃષ્ટિબિંદુ ઉન્નત કરવા માટે આવી સંસ્થા દ્વારા એવું કામ જરૂરી છે.

શ્રી. મોતીભાઈનાં વ્યાખ્યાનો જુદે જુદે પ્રસંગે થોડાંક સાંભળેલાં—ખાસ કરી પર્યુષણ વ્યાખ્યાનમાળા વખતે તો તેમનું નિયત વ્યાખ્યાન સાંભળવા મળતું. તેઓનું વ્યાખ્યાન સાવ સાદું રહેતું; એમાં વાગ્મિત્વની છાપ ન રહેતી. પણ એમનાં માહિતીપૂર્ણ કેટલાંક લખાણોને લીધે મારા મન ઉપર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમના પ્રત્યેના વિશિષ્ટ આદરની છાપ પડી છે. આટલા બધા વ્યવસાયો અને વિવિધ પ્રવૃત્તિઓ વચ્ચે તેઓ કેટકેટલું વાંચે અને લખે છે તે મને હમેશાં હેરત પમાડતું. એમના મકાને ક્યારેક જતો તો જાણ થતી કે તેઓ કેટકેટલાં પુસ્તકો સંઘરે અને વાંચે છે. સાંજે મરીનડ્રાઇવ ઉપર ફરવા જતો હોઉં ને કોટમાંથી પાછા ફરતાં મળે તો હસીને કાંઈ ને કાંઈ વાત કરે, અને કહે કે આટલું ચાલીને આવું છું તેથી વ્યાયામ પણ મળી રહે છે ને વિચારો કરવાની તક પણ મળે છે. તેમની ટીકા પણ મેં તેમની સામે કેટલીક વાર કરી હશે. પણ મને યાદ છે કે મેં તેમનો રોષ જોયો નથી. એક વાર હું હોસ્પિટલમાં હતો. ઑપરેશન થયેલું. મને વ્યથામાં જોઈ એક દિવસે તેમણે કહ્યું કે–અત્યારે જ સમાધિનો સમય છે. જ્યારે તેઓ પક્ષાઘાતથી પીડાયેલા ને કાંઈક સ્વસ્થ થયા ત્યારે હું તેમને મળવા ગયો. મેં વળી મારી ઢબે એ જ સમાધિની અને સમાધિમરણની વાત કાઢી કે હવે તમારો પરીક્ષાસમય છે.

આજે જ્યારે તેમના વિષેનાં મારાં આછાં અને પાંખાં સ્મરણો આલેખું છું ત્યારે તેમની મધુર હાસ્યમૂર્તિ અને મારા પ્રત્યેનો નિખાલસ વ્યવહાર તેમ જ તેમની અનેક ક્ષેત્રોમાં કામ કરવાની હોંશ અને તાલાવેલી એ બધું માનસ પટ–ઉપર અંકિત થાય છે.

કૉન્ફરન્સની ઑફિસમાં કેટલાક કામસર જવું પડતું અને ત્યાં મિટિંગ હોય તો હાજર પણ રહેતો. એમાં જે કામનો સંબંધ શ્રી મોતીચંદભાઈ સાથે આવતો તેમાંથી એકકે કામને તેમણે ટાળ્યું હોય કે બેદરકારી બતાવી હોય એમ મને યાદ નથી. ઘણાં વર્ષ અગાઉ તેમના વિષે જે મારો અભિપ્રાય બંધાયેલો કે **તેઓ વિધાયક પ્રકૃતિના છે તે જ તેમના જીવનમાંથી જોવા પામ્યો છું.**

—શ્રી જૈન ધર્મ પ્રકાશ, વૈશાખ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org